## જન્મદિને વધામણી



**બિપીન રાવલ**
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મેનેજિંગ ટ્રસ્ટી,
શાંતિનિકેતન સ્કૂલ
મો. ૯૪૨૯૪ ૩૭૫૭૫



**ચેતના બુચ**
પ્રમુખ, જ્યોતિ મહિલા મંડળ
મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮



**યોગેશ કે ગાંધી**
મો. ૯૭૨૭૧ ૬૫૫૫૭



**તન્વી મુંજાલ રાવલ**
મો. ૯૯૭૮૯ ૬૭૮૦૯



**હિમાલય પ્રકાશચંદ્ર બારોટ**
મો. ૯૪૨૬૦ ૪૨૦૭૬

# ઊર્જાનગર બ્રહ્માકુમારીઝ દ્વારા આજે શિવ સંદેશ યાત્રા યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

બ્રહ્માકુમારીઝ ઉર્જાનગર-૧ દ્વારા પરમપિતા પરમાત્મા શિવના દિવ્ય અવતરણની યાદગાર - મહાશિવરાત્રીની ભવ્યાતિભવ્ય ઉજવણી

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય, ઉર્જાનગર-૧ સેવા કેન્દ્ર દ્વારા પરમપિતા પરમાત્મા શિવના દિવ્ય અવતરણની યાદગાર-મહાશિવરાત્રીના પાવનતમ પર્વના ઉપલક્ષમાં ૧૯ ફેબ્રુઆરી, રવિવારે સવારે ૯.૦૦થી સાંજે ૬.૦૦ ભવ્ય "શિવ સંદેશ યાત્રા"નું આયોજન તથા ૨૪ ફેબ્રુઆરી, શુક્રવારે સવારે ૬.૦૦થી રાત્રે ૧૦.૦૦ સેવાકેંદ્ર ખાતે ભાવિક ભક્તોના દર્શનાર્થે (૧) બરફના ભગવાન અમરનાથની ઝાંખી, (૨) શિવ અવતરણ વિડીયો શૉ, (૩) વેલ્યુ ગેઈમ્સ, (૪) ખાસ ધ્યાન કક્ષ અને (૫) આધ્યાત્મિક પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે.

પાટનગર ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ તથા બ્રહ્માકુમારીઝ ગાંધીનગર સેવાકેંદ્ર સંચાલિકા રાજયોગિનિ કૈલાશદીદી આ યાત્રાને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવશે. યાત્રાના રૂટ પર આગળ રીક્ષા દ્વારા એનાઉન્સમેન્ટ કરી ભાવિક ભક્તોનું આહવાન કરવામાં આવશે. જ્યારે યાત્રામાં પરમાત્માનો સાચો પરિચય આપતી શિવ-શંકરની ઝાંખીની ટ્રક સાથે શ્વેત વસ્ત્રધારી, નિર્વ્યસની, પવિત્ર બ્રહ્માકુમાર ભાઈ બહેનો ૨૫ જેટલા બાઈક/સ્કુટર તથા ૨૫ જેટલી ગાડીઓમાં જોડાશે. યાત્રા ઉર્જાનગર-૧ની આસપાસની નિયત વસાહતોમાં ફરી આધ્યાત્મિક લોકજાગૃતિ લાવવા પ્રયત્નશીલ રહેશે. ૨૪ ફેબ્રુઆરી, શુક્રવાર, મહાશિવરાત્રીના સવારે ૬.૦૦થી રાત્રે ૧૦.૦૦ સુધી બાબા ભવન, પ્લોટ નં.૮૫, ૮૬, ઉર્જાનગર-૧, સિટીપલ્સ સિનેમા નજીક, રાંદેસણ, ગાંધીનગર ખાતે ભાવિક ભક્તોના દર્શનાર્થે (૧) બરફના ભગવાન અમરનાથની ઝાંખી, (૨) શિવ અવતરણ વિડીયો શૉ, (૩) વેલ્યુ ગેઈમ્સ, (૪) ખાસ ધ્યાન કક્ષ અને (૫) આધ્યાત્મિક પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. જેનો શુભારંભ તથા પરમપિતા પરમાત્મા શિવ બાબાના ધ્વજનું ધ્વજારોહણ ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ એજન્સી (ગુડા)ના ચેરમન શ્રી.આશિષભાઈ દવે, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર તથા રાજયોગિનિ કૈલાશ દીદી દ્વારા સંસ્થાના ૩૦૦ જેટલા બ્રહ્માકુમાર અને બ્રહ્માકુમારીઓની હાજરીનાં સંપન્ન થશે. ધ્વજારોહણ બાદ શિવ બાબાના ઝંડાની સાક્ષીએ વિશ્વ શાંતિ, વૈશ્વિક ભાઈચારા અને આધ્યત્મિક ઉન્નતિ માટે વિશેષ પ્રતિજ્ઞા લેશે. ધર્મ પ્રેમી ભાવિક ભક્તો ને મહાશિવરાત્રીના ઉપલક્ષમાં આયોજીત ઉક્ત તમામ કાર્યક્રમ તથા કાર્યક્રમ બાદ આયોજિત રાજયોગ શિબિરનો વિના મુલ્યે અચુક લાભ લેવા બ્રહ્માકુમારીઝ, ઉર્જાનગર-૧ ના સંચાલિકા રાજયોગિનિ રંજન દીદીએ નિમંત્રણ પાઠવ્યું છે.

# એસ જી અંગ્રેજી સ્કૂલમાં રેત ચિત્ર સ્પર્ધા યોજાઈ



એસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલમાં રેત ચિત્ર સ્પર્ધાનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૫થી ૮ના વિદ્યાર્થીઓએ રેતથી અક્ષર લેખન કર્યું હતું તથા સુંદર ચિત્રોનું સર્જન કર્યું હતું. ચિત્રસર્જનનો આ નવતર અનુભવ વિદ્યાર્થીઓ માટે રોચક રહ્યો હતો.

## ડાયરેક્ટ ❤ સે

મૈં યાદોં કા કિસ્સા ખોલું
તો બહુત દોસ્ત યાદ આતે હૈં
મૈં ગુજરે પલ કો સોચું
તો બહુત દોસ્ત યાદ આતે હૈં
આજ કૌન સી નગરી મેં
આબાત હૈ જાકર મુદત સે
મૈં દેર રાત તક જાગું તો
કુછ દોસ્ત યાદ આતે હૈં

## મુખ્યમંત્રી રૂપાણીએ અંબાજીમાં માતાજીના દર્શન કર્યા

અમદાવાદ, તા.૧૮

ભાજપની આદિવાસી વિકાસ ગૌરવયાત્રા આજે ૧૦માં દિવસે આદ્યશક્તિધામ અંબાજીમાં પરિપૂર્ણ થઈ હતી. આમાં હાજરી આપવા માટે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ પહોંચ્યા હતા. આ પ્રસંગે તેઓએ અંબાજી માતાના દર્શન પણ કર્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સુપ્રસિદ્ધ યાત્રાધામ આદ્યશક્તિ પીઠ અંબાજીમાં અંબાજી મંદિરે જઈને ભક્તિભાવ પૂર્વક પુજન દર્શન અર્ચન કર્યા હતા.

# અશ્વિનભાઈ પટેલ કૉલેજના વિદ્યાર્થીઓ એલ ડી ઈન્ડોલૉજી ઈન્સ્ટી.ની મુલાકાતે



ગાંધીનગર, તા. ૧૮

નવી પેઢી વાચના આસ્વાદથી પરિચિત થાય તે હેતુથી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા છેલ્લાં પાંચ વર્ષથી પ્રતિવર્ષ વાચન શિબિરનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે આ વાચન શિબિરના પ્રથમ દિવસે સાહિત્યકાર ધ્વનિલ પારેખ અને બીજા દિવસે હરદ્વાર ગોસ્વામીના વક્તવ્યનો લાભ વિદ્યાર્થીઓને પ્રાપ્ત થયો હતો.

શિબિરના ત્રીજા દિવસે વિદ્યાર્થીઓને એલ ડી ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્ડોલૉજી, અમદાવાદની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં મ્યુઝિયમ ઉપરાંત અલભ્ય હસ્તપ્રતો અને તેના વિશેની માહિતી પ્રાપ્ત કરી વિદ્યાર્થીઓએ આપણી સંસ્કૃતિમાં સાહિત્યનો મહિમા કેટલો પુરાણ છે તે અંગે માહિતી પ્રાપ્ત કરી હતી. સમગ્ર વાચન શિબિરનું આયોજન, સંચાલન કૉલેજનાં ગ્રંથપાલ શ્રદ્ધાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. તેમને તથા વાચન શિબિરમાં ભાગ લેનારા સૌ વિદ્યાર્થીઓને કૉલેજ પરિવાર વતી આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# વનવાસી વિસ્તારોના વિદ્યાર્થીઓને ભેટ





## સેવાકાર્યમાં શ્રી ગજાનન સેવા સમિતિ સાથે ઉમિયા કૉલેજ, સોલાની વિદ્યાર્થીનીઓ પણ જોડાઈ

ગાંધીનગર, તા. ૧૮

નગરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ માટે શુક્રવારનો દિવસ યાદગાર રહ્યો હતો. ઉમિયા કૉલેજ સોલાની વિદ્યાર્થીનીઓ દ્વારા એકત્ર કરાયેલી વિવિધ વસ્તુઓનું વિતરણ જરૂરિયાતમંદોને આ દિવસે કરવામાં આવ્યું હતું. કૉલેજની વિદ્યાર્થીનીઓએ અભ્યાસને લગતી ૨૦ જેટલી વસ્તુઓનાં ૨૬૦૦ જેટલાં નંગ એકત્રિત કર્યા હતાં. શ્રી ગજાનન સેવા સમિતિ આ પૈકીની ૨૩ વિદ્યાર્થીનીઓને લઈને ઈશ્વરપુરા શાળાએ પહોંચી હતી અને અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કૉલેજની વિદ્યાર્થીનીઓના હસ્તે જ વસ્તુઓનું વિતરણ કરાવવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં સંસ્થા દ્વારા ૯ જેટલા વનવાસી વિસ્તારોની શાળાઓના ૧૨૪૫ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા.

ભિલોડા તાલુકાની જાભચીતરીયા, પંચમહુડી, અણસોલ-૧,૨, ભવાનપુર, સુનોક, વજાપુર તથા છાત્રેશ્વરી શાળાના વિદ્યાર્થીઓને આ સેવાકાર્ય અંતર્ગત લાભ આપવામાં આવ્યો હતો.

દિવસભર ચાલેલા આ મહાયજ્ઞમાં ૧૦૦ સ્કૅચ પૅનનાં પૅકેટ, ચિકીનાં પૅકેટ, ચણા, રાઈટિંગ પેડ, નોટબૂક, નેઈલ કટર, કંપાસ, વૉટર બૅગ, નાસ્તાનો ડબ્બો, સ્લીપર, કોપરેલ તેલ, કાંસકા, ટૂથ બ્રશ, ટૂથ પેસ્ટ, હાથરુમાલ, મોટાં નેપકિન, બિસ્કીટ, બૉલપૅન, પૅન્સિલ, રબર, સંચા જેવી વસ્તુઓ શાળાના વિદ્યાર્થીઓને ભેટમાં આપવામાં આવી હતી. વજાપુર શાળાના વિદ્યાર્થીઓને નાસ્તો પણ કરાવવામાં આવ્યો હતો.

શાળાના વિદ્યાર્થીઓને ભેટ આપવા ઉપરાંત તેમની સાથે વિવિધ રમતો રમીને કૉલેજની વિદ્યાર્થીનીઓએ તેમને આનંદની પણ ભેટ આપી હતી.

સમિતિ તરફથી મિલિન્દ ગુપ્તે અને ભીમજી ગામેતી આ સેવાકાર્યમાં સામેલ થયા હતા.

# આપણે મરીએ તો ચાલે પણ, શિવાજી જીવવા જોઈએ

ભારતીય ઈતિહાસનું એક ગૌરવપ્રદ, ઉદાર હૃદય અને વિરલ વ્યક્તિત્વ ધરાવતું પાત્ર એટલે છત્રપતિ શિવાજી. માતા જીજાબાઈ અને પિતા શાહજીરાવ ભોંસલેના આ સંતાનનો જન્મ ૧૬૩૦ની ૧૯મી ફેબ્રુઆરીના રોજ શિવનેરી કિલ્લામાં થયો હતો. માતા જીજાબાઈ અને દાદા કોન્ડદેવજીએ એક યોદ્ધાને શોભે અને રણમેદાનમાં કામ આવે તેવી સ્વધર્મ, સ્ત્રી સન્માન, નેતૃત્વ, રાજનીતિ, શૌર્ય અને શૂરવીરતાના ગુણોની શિક્ષા આપી. શિવાજીના ગુરુ રામદાસે ગુરુ મંત્ર આપતાં કિધુ કે 'તું રાજા બન્યા છતાં પણ હૃદય ભિક્ષુકનું રાખજે...આજથી આ રાજ્ય એ રાજ્ય નથી; એને ઈશ્વરનું દેવાલય સમજજે. જા બેટા, કલ્યાણ કર જગતનું.' શિવાજીએ ૧૬ વર્ષની ઉંમરથી મહારાષ્ટ્રના કિલ્લાઓ જીતવાનું શરૂ કરેલ.

૧૯ વર્ષની વયે મોગલ સૈન્ય પાસેથી અનેક કિલ્લાઓ જીતી લઈ મોગલોને હંફાવ્યા. જીવનકાળ દરમ્યાન તેમણે ૨૬૫ કિલ્લાઓ જીતેલા. જીતાયેલા સમગ્ર પ્રદેશમાં તેમણે અષ્ટપ્રધાનમંડળની રચના કરી તેમના સહકાર વડે સુંદર વહીવટ કર્યો. શિવાજીની ધાક છેક દિલ્હી આગ્રા સુધીના મોગલ શાસકો ઉપર હતી.

શિવાજીનું રાજ્ય દરેક લોકોને પોતીકું લાગતું હતું. તેઓ પ્રજાની વચ્ચે જતા, મળતા અને એમની સાથે ચર્ચા- વિચારણા કરતા , પ્રજા ઉપર કોઈ જોર-જુલમ ન થાય તેની કાળજી રાખતા. લડાઈ અને લૂંટ વખતે હિંદુ કે મુસલમાન કોઈપણ સ્ત્રીની આબરૂ સાચવવાનો કડક હુકમ કરેલો. પ્રજાની માલિકીના શાકનું દીંટું પણ કોઈએ તોડવું નહિ. ઉપરાંત, સૈન્યના ઘોડા માટે દાણો-પાણી લેવાં પડે તો રોકડેથી ખરીદી કરવી અને લોકોને સૈન્ય તરફથી હેરાનગતિ થવી જોઈએ નહિ એવા આદેશોનું







ચુસ્તપણે પાલન કરાવતા. એટલે જ રાજ્યના લોકોને શિવાજીનું કામ એ 'આપણું ' કામ છે એવું લાગતું.' 'આપણે મરીએ તો ચાલે, પણ શિવાજી જીવવા જોઈએ' એવું વિચારી લોકો શિવાજીને પકડાયેલા છોડાવવા નકલી શિવાજી નામ ધારણ કરતા અને હસતે મોંએ શહીદી ધારણ કરતા. શિવો નાઈ, બાજીપ્રભુ દેશપાંડે, માવળાઓ, મદારી મ્હેતર, હીરોજી ફરજંદ જેવા સામાન્ય લોકોએ શિવાજી માટે મોતને વ્હાલું કરી તેમને સહકાર આપ્યો. વરસાદ પૂરતો ન થાય તે સમયે રાજયના ખેડૂતોને બિયારણ, અનાજ અને પૈસા સરળ હપ્તે આપવામાં આવતાં અને જ્યારે સ્થિતિ સુધરે ત્યારે પાછા વસૂલ કરવામાં આવતાં. ખેતીની વસૂલાત ઉપર વતનદારો અને જમીનદારોએ સર્જેલી જમીનદારી પ્રથા દૂર કરી. અને તેથી જ તેઓ શ્રેષ્ઠ સુધારક અને પ્રજાવસ્તલ રાજા તરીકે ઉભરી આવ્યા. જેટલા તેઓ તલવાર ચલાવવામાં નિપુણ હતા તેટલા જ તેઓ બેદાગ ચરિત્ર માટે પણ જાણીતા હતા. પોતાની તલવાર અને ચરિત્ર ઉપર તેમણે ક્યારેય દાગ ન પડવા દીધો.

રાજયના સુચારુ વહિવટ માટે રાજ્યભાષા કોશ તૈયાર કરાવ્યો.

ઈબ્રાહીમ તેમના રાજયમાં તોપખાનાનો વડો હતો અને નૌકાદળનો ઉપરી દર્યાસારંગ દૌલતખાન હતો. તેમનો અંગરક્ષક મદારી મ્હેતર હતો.

પોતાના રાજયમાં ચાર વર્ણ અને અઢાર જ્ઞાતિને પોતપોતાનો ધર્મ પાળવા દઈ ભેગા રાખ્યા હતા. તેઓ મંદિરો અને મસ્જિદોને દાન આપતા. લડાઈ કે લૂંટ વખતે મુસ્લિમ ધર્મગ્રંથ કુરાન મળી આવે તો તેને પૂરા સન્માન સાથે પોતાના મુસ્લિમ નોકરને આપી દેતા. રાજ્યમાં હિંદુ-મુસલમાનને સરખું સ્થાન હતું. આમ, તેમનું ધ્યેય માનવ ધર્મનું રક્ષણ અને પ્રજાની સુખાકારીનું હતું. તેમના એક ગુરુ યાકૂતબાબા નામના એક સંત હતા.

શિવાજી, તેમનો શાસનકાળ અને મહત્વના પ્રસંગો વગેરેને લઈને મહારાષ્ટ્રમાં અનેક પોવાડા (લોકગીતો) રચાયાં છે. મહાત્મા જ્યોતિબા ફૂલેએ એક પોવાડામાં શિવાજીને ' કુલભૂષણ ' કિધા છે. શિવાજી જયંતીનો ઉત્સવ લોકમાન્ય તિલકે મહારાષ્ટ્રમાં શરૂ કરેલો. ૧૬૭૪માં છઠ્ઠી જૂને રાયગઢમાં શિવાજી મહારાજનો રાજ્યાભિષેક થયો ત્યારે પ્રજાએ તેમને અનેક લોકોના મસ્તક પર છત્ર બનીને રહેલા "છત્રપતિ"ની ઉપાધિ આપી ત્યારથી તેઓ "છત્રપતિ શિવાજી"ને નામે ઈતિહાસમાં પ્રસિધ્ધ થયા.

શિવાજી મહારાજ એક કુશળ રાષ્ટ્ર નિર્માણકર્તા, માતૃભક્ત, ધર્મ સહિષ્ણુ ઉપરાંત વિચક્ષણ, અને ઉદાર દિલના શાસક એવા શિવાજી ૧૬૮૦માં કેવળ ૫૦ વર્ષની ઉંમરે દેવલોક પામ્યા.

# ગૂજરાત વિદ્યાપીઠ, સાદરાના એનએસએસ સ્વયંસેવકોની સિદ્ધિ



ભરત નાવડિયા



રાજુ ભુતિયા

ગાંધીનગર, તા. ૧૮

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાળા, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવક રાજુ ભુતિયા, ભરત નાવડીયા, સિદ્ધરાજ ચાવડા, હિંમત ચાવડાએ રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત વિવિધ સિદ્ધિઓ હાંસલ કરી છે.

રાજુ ભુતિયાની પસંદગી દિલ્લી ખાતે આયોજિત ૨૬ જાન્યુઆરીની પરેડ માટે થઈ હતી અને તેમના ઉપરાંત હિંમત ચાવડાની પસંદગી વેસ્ટ ઝોન સ્તરે પણ કરવામાં આવી હતી, જે કાર્યક્રમ વડોદરા ખાતે આયોજિત થયો હતો.

સ્વયંસેવક ભરત નાવડીયાની પસંદગી યુથ ફૅસ્ટીવલ માટે કરવામાં આવી હતી, જેનું આયોજન રોહતક યુનિવર્સિટી, રોહતક, હરિયાણા દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત નારકંડા, હિમાચલ પ્રદેશ ખાતે આયોજિત એડવેન્ચર શિબિરમાં ભરત નાવડિયા અને સિદ્ધરાજ ચાવડાની પસંદગી કરવામાં આવી હતી.

કર્ણાટક ખાતે આયોજિત થઈ રહેલા એનઈસી કૅમ્પમાં રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક પંકજ નાટક, મિતુલ પટેલ અને હેમંત રાઠોડની પસંદગી કરવામાં આવી છે.

સંસ્થાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઑફિસર ડૉ. નીરજ સિલાવટ અને સંસ્થાના ડીન પ્રો. જમનાદાસ સાવલિયા દ્વારા ગૂજરાત વિદ્યાપીઠ રાષ્ટ્રીય સેવા યોજના એકમના ડૉ. અરુણભાઈ ગાંધી અને ક્ષેત્રીય નિર્દેશક કમલ કુમાર કર પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરતાં સિદ્ધિપ્રાપ્ત વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.